
આવતીકાલનાંનાગરિકોમાટેનુંમાસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ

અંક ૩૦૪
એપ્રિલ · ૧૯૪૯

તંત્રી · બચુભાઈ રાવત

સુખદુઃખની વાતો
વૂડકટ : ગોસ્વામી



ફોટો-હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ : મોકૂફ; બીજું ઇનામ : 'વિચારવમળ'–નચિકેત મુનસિફ (મુંબાઈ); નોંધપાત્ર : 'મારાં દેવનાં દીવેલ'-કનુ ગાંધી (મુંબાઇ) 'લે, ખા'.–સુમનભાઈ શેઠ (મિયાંગામ કરજણ); 'રસ્તે'-વસંતરાય હિન્ડોચા.





ડાબીબાજુ ઉપર : 'વિચાર-વમળ'-નચિકેત મુનસિફ (મુંબાઇ) બીજું ઈનામ; નીચે: 'મારાં દેવનાં દીવેલ'-કનુગાંધી, (મુંબાઇ); જમણી બાજુ ઉપર : 'લે, ખા '–સુમનભાઈ શેઠ (મિયાંગામ કરજણ); નીચે : 'રસ્તે'–વસંતરાય હિન્ડોચા.





કુદરતની ગોદના એક રમણીય સ્થળનું દર્શન કરાવતા ભાઈ નચિકેતના ચિત્રમાં તળાવ, વૃક્ષરાજિ અને સૂર્યનો પ્રકાશ-બધાં એકબીજાનું પૂરક બની રહી નિસર્ગનું આહ્લાદક દૃશ્ય રચે છે. ચિત્ર લેવા માટે કરેલી ઊંચા કોણની પસંદગી ચિત્રસંયોજનાને સુરેખ બનાવે છે. અને તેની વચ્ચે વિચારપૂર્વક ઊભો રહેલો માનવી દૃશ્યને જીવંત બનાવે છે. ટેકનિક ખામી વિનાની છે. પણ ચિત્રને આપેલું નામ તદ્દન અનુચિત છે. ઊર્મિ અને કલ્પનાને પુલકિત કરતા આવા સુંદર વાતાવરણવાળા ચિત્ર માટે નામ પણ એવું જ આપવું ઘટે.

ભાઈ કનુ ગાંધીના સરસ ટેકનિકવાળા ચિત્રમાં માતા-પુત્રના નિર્વ્યાજ પ્રેમની રમતનું આલેખન સ્વાભાવિક ક્ષણોમાં ઝડપાયું છે, પણ એમાં માના ચહેરાની વિકૃતિ મન ઉપર સુખદ છાપ કે મધુર અસર પાડતાં ચિત્રને અટકાવી રાખે છે. વસંતલાલ હિન્ડોચાએ મોકલેલાં પાંચ ચિત્રો (જેમાં એકેનું નામ કે પોતાનું ગામ જણાવ્યું નથી) પૈકી 'રસ્તે' ચિત્રમાં કૅમેરાનો કોણ મઝાનો યોજેલો હોઈ, કર્ણરેખાએ લાંબા પડછાયા ઢાળતું વાતાવરણ અને આવતાં જતાં માણસોની રુચિકર ગતિ ચિત્રમાં સમતોલ સંયોજન ને જીવંતતા આણે છે. સારી ટેકનિક એને ઈનામને પાત્ર કરી હેત. ભાઈ સુમન શેઠે મોકલેલાં સાત ચિત્રોમાંથી બેએક સુંદર છે. જે પૈકી અહીં રજૂ થતા ચિત્રમાં રમકડાના હાથીને ખવડાવતા બાળકમાં એકાગ્રતા ને સ્વભાવિકતા છે, પણ ચિત્રસંયોજન નથી. એમનાં બીજાં ચિત્રોમાં પણ આની માફક કૅમેરા પર કાબૂ જણાય છે, પ્રિન્ટ-ટેકનિક પણ સારી છે, પણ બધે સંયોજનામાં ચિત્રદૃષ્ટિની ઊણપ જણાય છે.

શ્રીદામ ભટ્ટ



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો


વિભાગો

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાનઃ કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂા. ૭ાા; પરદેશમાં રૂા. ૯ાા અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ.



ફોટો • આબીદમિયાં સૈયદ

કાશ્મીરની ખીણમાં જેલમ

શ્રીનગરની નહેરો, હોડીઓ, સરોવરો, ચીનારવૃક્ષો,–એવાં ચવાઈ ગએલાં દશ્યો એટલે જ કાશ્મીર એવો એકપક્ષી ને એકધારો ખ્યાલ ઉપજાવીને આંખને થકવ્યા કરતાં ચિત્રો પછી કાશ્મીરની ખીણનું આ દશ્ય ત્યાંની નિસર્ગશ્રીનું કાંઇક નવતર અને સાચું દર્શન કરાવતી મધુરતાથી મનને ભરી દે છે. પહાડીઓના ખોળામાં વળાંકા લેતી વહેતી, અને પોતાના નાનકડા તીરપ્રાન્તોનાં વૃક્ષો જોડે ગોઠડી કરતી જતી ખળખળતી જેલમનું ગાન જાણે એમાં સંભળાય છે.



ઝૂંપડીનું માંગણું — ચિત્રકાર · નાનાસાહેબ ફસરે

આવતી
કાલનાં
નાગરિકોનું
માસિક

વર્ષ ૨૬ • અંક ૪
એપ્રિલ
૧૯૪૯

વેળા

જાય રે વેળા જાય !
કોઇ હલેતી હરણી જાણે તૃષ્ણાને તીર ધાય !
જાય રે વેળા જાય !

ચંચલ એનાં ચરણ ચાંપે
મનની મરુભોમ,
એના રે આઘાતમાં કાંપે
અંગનું રોમેરોમ;
પડછાયો જ્યાં પાથરતી ત્યાં પ્રગટે લૂને લ્હાય !
જાય રે વેળા જાય !

એકે આંકયું ચિહ્ન એને
બીજું ચરણ હોય,
શી ય હલેતી હરણી જેને
અડતાં નથી ભોંય,
પડતાં પ્હેલાં પલકમાં તો ઊપડે, એવાં પાય !
જાય રે વેળા જાય !

નિરંજન ભગત

વિષાદ

• વસંતતિલકા •

આ ઝૂકતાં દ્રુમ, નિબીડ વનપ્રદેશ
ન્યારી સ્મૃતિ સળગવે ભૂતકાલ કેરાં
મંત્રધ્વનિમુખર આર્યતપોવનોની:
આકાશ યજ્ઞધૂમથી થતું ધૂંધળું ને
ધેનુરજે ઢળતી સૌમ્ય સરાગ સંધ્યા;
વિશ્રબ્ધભાવથી જહીં ચરતાં હરિણો;
દ્રષ્ટા, રસર્ષિ, પરમોચ્ચતણા વિહારી
જ્યાં પ્રેરતા ઉતરવા દિવની સુધાને.

ને આજ જોઉં: વનમાં વસતા ક્ષુધાર્તો
આહૂતિ અર્થ જઠરાગ્નિતણી મળ્યું તે
રાંધી રહ્યા; શિર પરે ગરજે વિમાન.
થોડીક ભેંસ, બકરાં અહીં શુષ્ક પાન
ચાવી રહ્યાં, ભયથી નાસી જતા કપિઓ :
આ ભેદ જોઇ કયમ જાણું નહીં તથાપિ
ઊંડા વિષાદથી જરા થતી આંખ ઝાંખી.

જયન્ત પાઠક

પ્રાણનાં મોતન

• કવિત •

મદઘેન ભરી તારી સૂરત જાય
આ મ્હેકતા ઝલતા મોકળે કેશે,
બંકિમ નેન કમાનના નર્તને
જાય ગુમાની એ, પાગલી વેશે.

વાટના ઘોર અંધાર વિદારતી
રહેજ ઝગી મુજ રંકની જ્યોતિ,
એક ઘડી તારી નીરખી મૂરત
નીરખ્યાં નેન ને પ્રાણનાં મોતી.

નીરખી લીધ એ મોતન પ્રેમનાં
મોહના લોઢ- ઉછાળતા નીરે,
આંધીમાં ડૂબતાં જાય અજાન
ન ભૂલનું દીસતું જ્ઞાન લગીરે.

'આવ,' કહ્યું, 'અવરોધ નથી કશો;
શોધી છે મેં તારી ગૂઢ પિપાસા.'
એક ઘડી માંડી નેન, તું નીસરી,
કાન ચડ્યા ન એકે ય નિસાસા.

ઝળાંઝળાં થાતી શી વ્યાકુળ
ઓગળી તારી અદીઠમાં કાયા,
ધૂણીધૂણી પછડાટ ખાતા પાછે
વંનના મૂક રહ્યા પડછાયા.

શો'રના સોબતી કૈંક મળી તારા
રૂપના કામ મધુપ શા ગાશે,
ઘેનભર્યાં તારાં ફૂલ પ્રફુલ્લ
વિલાશે ને સાંજના ઓળા છવાશે.

રંગીન રોશની ગુલ બની જશે
પોઢશે એક અંધાર બિછાને,
હાય ! અભાગિણી કોઈ હશે નહિ
દેખ, બિછાપણ રાતને ગાને.

કોઈ વેળા, ત્યારે, કોઈ ઘડી તને
આવશે યાદ ફકીરની વાણી,
વંનની વાટમાં પારખી'તી જેણે
એક દા મોતનછીપ અજાણી.

વાટ જાતી, મધરાત રોતી, ફરી
શોધશે મૂરખ પ્રીત પુરાણી.

મકરન્દ દવે